# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : અશરફ નથવાણી

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૪-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

-----------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય પોષણ માસ :

રાજ્ય સહિત દેશભરમાં રાષ્ટ્રીય પોષણ માસનો આજથી પ્રારંભ થયો છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આજથી 30 સપ્ટેમ્બર સુધી સાતમા "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણી શરૂ થઇ છે.

આ વર્ષનો ઉદેશ દેશમાં કુપોષણને નિર્મૂળ કરવાનો છે અને ગર્ભવતી મહિલાઓ,કિશોરીઓ તેમજ 6 વર્ષ સુધીના બાળકો માટે પોષણના મહત્વને સમજાવવાનો છે.આ વર્ષે રાષ્ટ્રીય પોષણ માસની વિષય-વસ્તુ "તમામ માટે પોષ્ટીક આહાર" છે.આ અભિયાનમાં આંગણવાડીને સક્ષમ બનાવવાનું લક્ષ્ય પણ રાખવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------------

## પીજીવીસીએલ દ્વારા કામગીરી :

કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદી માહોલ અને ભારે પવનની પરિસ્થિતિની અસર વીજળી વિતરણ વ્યવસ્થા ઉપર થઈ છે. વીજ પોલ ધરાશાયી થવાના કારણે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીના ભરાવના લીધે વીજ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી. જોકે, વરસાદ બંધ થતા જ કચ્છની ૮૪ ટીમો અને અન્ય

જિલ્લાઓમાંથી વધારાની ટીમો બોલાવીને કચ્છમાં કુલ ૧૧૫થી વધારે ટીમો દિવસ રાત કામગીરી કરી રહી છે.

જિલ્લામાં ખાસ કરીને માંડવી, મુન્દ્રા, અબડાસા વિસ્તારમાં વીજપોલ ધરાશાયી થવાના કારણે વીજ વિક્ષેપ ઊભો થયો હતો.

આગામી ૨૪ કલાકમાં કોઈપણ ઘર વીજળી વિનાનું રહે નહીં એવા લક્ષ્યાંક સાથે પીજીવીસીએલના કર્મયોગીઓ દિવસ રાત વીજ વિક્ષેપ નિવારણ અને સમારકામની કામગીરીમાં લાગેલા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૦૦થી વધારે ગામોમાં વીજળી સેવા પૂર્વવત્ કરવામાં આવી છે. જ્યારે ૧૨૫ જેટલા ગામમાં નાના-મોટા ફોલ્ટ, વીજપોલ ધરાશાયી, સબ સ્ટેશનમાં પાણીના ભરાવા અને ૬૬ કેવી સ્ટેશનમાં ફોલ્ટ જેવી સમસ્યાઓના લીધે વીજ વિક્ષેપ દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે.

**માહિતી ખાતું**

---

## <u>પશુપાલન વિભાગ દ્વારા કામગીરી :</u>

કચ્છ જિલ્લામાં ભારે વરસાદની પરિસ્થિતિ બાદ તેમજ પાણી ભરાવાના કારણે પશુઓના આરોગ્ય ઉપર વિપરિત અસર પડવાની સંભાવના રહેલી છે. પશુઓનું આરોગ્ય જળવાઈ રહે તે બાબતને પ્રાધાન્ય આપીને પશુપાલન શાખા કચ્છની ૨૩ ટીમો અને બનાસકાંઠા તથા પાટણ જિલ્લાની ૦૮ ટીમો કુલ ૩૧ ટીમો દ્વારા રસીકરણ, સારવાર તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

અતિભારે વરસાદનાં કારણે પશુમરણની ઘટના બની હોય તો સબંધિત તાલુકામાં જાણ કરવા માટે પશુપાલકો તેમજ નાગરિકોને જણાવવામાં આવ્યું છે. કચ્છમાં અત્યારસુધીમાં ૧૦,૪૫૧ પશુઓનું રસીકરણ, ૭,૨૯૭ પશુઓની સારવાર કરવામાં આવી છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં જિલ્લામાં ૧૬૭ પશુ અને ૩૦૯૮ મરઘાઓનું મરણ થયું છે.

દરમ્યાન, ભારત સરકાર દ્વારા કચ્છ જિલ્લા સહિત સમગ્ર દેશમાં આજથી ૨૧ મી પશુધન ગણતરી શરુ થઇ છે.આકાશવાણી સાથે વાતચીત કરતા જિલ્લા પશુપાલન અધિકારી અને પશુધન ગણતરીના નોડેલ અધિકારી ડોકટર રાજેશ પટેલે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ-ડો.રાજેશ પટેલ)

**માહિતી ખાતું /અશરફ નથવાણી**

-----------------------------------------------------------------------------------------

## કચ્છમાં નોંધાયેલ વરસાદ :

અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમ અને વાવાઝોડાની અસરના પગલે કચ્છમાં પડેલા અતિભારે વરસાદ ના પગલે ચાલુ સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૭૭ ટકા પર પહોંચ્યો છે. જેમાં માંડવીમાં ૬૪ ઈંચ, મુંદરામાં ૫૨ ઈંચ, નખત્રાણામાં ૪૩ ઈંચ, અબડાસામાં ૪૦ ઈંચ, અંજારમાં ૩૩ ઈંચ, લખપતમાં ૨૭ ઈંચ, ભુજમાં ૨૬ ઈંચ, ગાંધીધામ ૨૬ ઈંચ, ભચાઉમાં ૧૮ ઈંચ અને રાપરમાં ૧૭ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ટકાવારીની દ્રષ્ટિએ માંડવી ૩૦૫ ટકા સાથે મોખરાના સ્થાને છે. મુંદરામાં ૨૨૯ ટકા, અબડાસા ૨૨૬ ટકા, નખત્રાણા ૨૨૬ ટકા, લખપત ૧૭૩ ટકા, અંજાર ૧૫૦ ટકા, ભુજ ૧૪૨ ટકા, ગાંધીધામ ૧૪૧ ટકા, ભચાઉ ૮૯ ટકા અને રાપર ૮૪ ટકા વરસાદ નોંધાયો છે.

આ વરસાદથી નાની અને મધ્યમ સિંચાઈના ડેમો, તળાવો, ચેકડેમો સહિતના જળાશયોમાં નવા નીરની આવકથી ઓવરફ્લો થઈ ગયા છે.

**અશરફ નથવાણી**

------------------------------------------------------------------------------------------

## દાતા હસમુખ કાનજી ભુડીયાનું અવસાન :

કચ્છમાં અંને આફ્રિકાનાં મોમ્બાસા અને યુગાન્ડામાં આરોગ્ય અન શિક્ષણ ક્ષેત્રે ઉદાર સખાવત કરનારા દાતા હસમુખભાઈ કાનજી ભૂડી યાનાં આજે આફ્રિકા નાં મોમ્બાસા ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.તેમનું મોમ્બાસા ખાતે ગઈ 29 મી એ અવસાન થયું હતું.

**ચંદ્રવદન પદ્દણી**

------------------------------------------------------------------------------------------